## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ




જયંતિભાઈ ઈશ્વરલાલ પટેલ
(૧૯૪૮) ફોન : ૨૩૨ ૪૧૨૦૫

# કલોલ તાલુકામાં ૫૩ લાખ ૯૭ હજારના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ-ભૂમિપૂજન

કલોલ, તા. ૨૪

કલોલ તાલુકામાં વણથંભી વિકાસ યાત્રાના બીજા દિવસે ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલના હસ્તે પલીયડ, નારદીપુર, ગોલથરા, જામળા, બાલવા અને લીંબોદ્રા તાલુકા પંચાયતની સીટના ગામોમાં રૂપિયા ૫૩ લાખ ૯૭ હજારના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં રૂપિયા ૧૮ લાખથી વધુ લોકાર્પણના કામો અને રૂપિયા ૩૫ લાખથી વધુ ખાતમુહુર્તના કામોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત શ્રી વાડીભાઈ પટેલના હસ્તે પંચાયતી રાજ સ્થાપના સ્વર્ણિમ વર્ષની ઉજવણી નિમિત્તે ત્રિસ્તરીય પંચાયતી રાજ સંસ્થાઓના ચુંટાયેલા પૂર્વ -તિનિધિઓનું મંત્રીશ્રીના હસ્તે શાલ અને -માણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

કલોલના પૂર્વ ધારાસભ્ય શ્રી ડૉ અતુલભાઈ પટેલે દેશના અન્ય રાજય અને ગુજરાત રાજયમાં ચાલતા સુવ્યવસ્થિત પંચાયતી રાજ વચ્ચેના ભેદની વાત કરી હતી. વધુમાં તેઓશ્રીએ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમાં રાજયના ગામડાઓમાં થયેલ વિકાસની વાત દષ્ટાંત આપી કરી હતી. જયોતિગ્રામ યોજના, કન્યા કેળવણી મહોત્સવ જેવી અનેક યોજનાઓની વિસ્તૃત વાત કરી હતી.





ગાંધીનગર જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી ગોંવિદભાઈ પટેલે વિચારધારાથી માનવ જીવનમાં પરિવર્તન આવે છે.તેવું કહી જણાવ્યું હતું કે, રાજયના મુખ્ય મંત્રીશ્રીએ વિકાસના પાયાને મુજબુત કરવા શિક્ષણ પર સૌથી વધુ ભાર મુક્યો છે. આ માટે રાજય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ અસરકારક કાર્યક્રમોની વાત કરીને તેના પરિણામે રાજયમાં સાક્ષરતામાં અને લોકોની વિચારધારામાં આવેલા પરિવર્તનની વાત કરી હતી. તેમણે વધુમાં સ્વામી વિવેકાનંદ મંડળની રચના અને આ નામ આપવા પાછળનું કારણ આપીને સ્વામી વિવેકાનંદની જીવન શૈલીની વાત કરી હતી.

આ -સંગે કલોલ તાલુકા ભાજપના -મુખ શ્રી બળદેવજી ઠાકોર, મોખાસણ ગામના સરપંચ શ્રી રોહિત પટેલ, ધમાસણા ગામના સરપંચ શ્રી વિનુભાઈ પટેલ, તાલુકા ભાજપના મહામંત્રી શ્રી દિગેશભાઈ પટેલ, મામલતદાર શ્રી સુધીરભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારી શ્રી એમ.કે પટેલ સહિત અનેક માજી સરપંચશ્રીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

## ગ્રામસભાના ઠરાવ વગર ગૌચરની જમીન નજીવા ભાવે આપી

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સરકાર સામે ભ્રષ્ટાચારની તપાસ તથા નિયુક્ત જસ્ટીસ એમ.બી.શાહ પંચ સમક્ષ એડવોકેટ દિપકભાઈ કીરત સાતા, અને સીટીઝન્સ ફોર ડેમોક્રસીના મહામંત્રી શ્રી ગૌતમ ઠાકરે જમીનને લગતાં આક્ષેપોના મુદ્દાઓનો વિગતવાર જવાબ આપ્યો હતો.

મુદ્રા ગામે અદાણી અને બીજી ઉદ્યોગોને જમીન જુદા જુદા ભાવે આપેલ છે. તે અંગેની રજૂઆત કરી હતી. વધુમાં ગૌચરની જમીન બાબતે સરકારે દુરપયોગ કરી ગ્રામપંચાયતોને દબાણ કરી ગૌચરી જમીન આપવા ઠરાવ કરવા દબાણ કરેલ છે. પશુઓની સંખ્યા સામે ગૌચરની જમીનનીની અછત હોવા છતાં જમીન આપી દીધી છે.

## જસ્ટીસ એમ.બી. શાહ તપાસપંચ સમક્ષ જવાબ આપતું પીયુસીએલ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સરકાર સામે ભષ્ટ્રાચારની તપાસ માટે જસ્ટીસ એમ.બી. શાહ કમીશન સમક્ષ ઍડવોકૅટ ડૉ. અમી યાજ્ઞિક અને પી.યુ.સી.એલ.ના મહામંત્રી ગૌતમ ઠાકરે ગાંધીનગરમાં ખૂબ જ ઓછા ભાવે ઉદ્યોગપતિઓને અપાયેલ જમીનના આક્ષેપો માટે રજૂઆત કરી હતી. પી.યુ.સી.એલ. રજૂ કરેલા આક્ષેપોનો જવાબ સરકારે કોમ્પ્યુટર સીડી દ્વારા આપેલ છે. જેમાં કોઈ જવાબદાર વ્યક્તિની સહી હોય નહી. તેથી કાયદેસરની કેવી રીતે કરી શકાય.

ઍડવોકૅટ ડૉ. અમી યાજ્ઞિકે ગાંધીનગરની આસપાસ કોઈપણ જાતની હરાજી વગર ખૂબ જ ઓછી કિંમતે અપાયેલ જમીનના પુરતા દસ્તાવેજો રજૂ કર્યા નથી. તો જરૂરી દસ્તાવેજો રજૂ કરવા રજૂઆત કરી હતી.







પાલનપુરના પ્રાચીન શિવાલય એવા નગરદેવતા પાતાળેશ્વર મહાદેવના મંદિરમાં ચોરી કરી બહાર નીકળતો ચોર પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. રાત્રીના પેટ્રોલીંગ કરતી પૂર્વ શહેર પોલીસે મંદિર બહાર નીકળતા રોડ પર ચાલતા શખ્સને મોડી રાત્રે ક્યાંથી આવે છે ? વગેરે પૂછતાછ કરતા તલાશી લેતા તેના થેલામાંથી ચાંદી જેવા પતરા મળી આવતા કડકાઈ કરતા તેણે આમ ંદિરમાં ચોરી કર્યાનું કબૂલી લેતા તેને પોલીસ મથકે લઈ જઈ પૂજારીની પોલીસ ફરીયાદ લઈ પ્રકાશ પૂનમાજી જાટ (રહે. રાજસ્થાન)વાળાની અટકાયત કરી. ૧.૬૬ કિ.ગ્રામ ચાંદી કિંમત રૂ. ૬૫૦૦૦/-નો મુદ્દા માલ જપ્ત કરી વધુ કાર્યવાહી આદરી છે. દર્શનાર્થી અને શિવભક્તોએ દાદાનો ચમત્કાર ગણાવ્યો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ઓએનજીસીની પાઈપમાં વાલ્વ નાંખીને ઓઈલ ચોરીનો પ્રયાસ

### ડાભલાથી નવાગામ સુધી પસાર થતી પાઈપલાઈનમાં ઓઈલ ચોરોની નજર

કલોલ, તા. ૨૪

કલોલના ડાભલા ગામથી નવા ગામ સુધી પસાર થતી ઓ.એન.જી.સી.ની પાઈપલાઈનમાં વાલ્વ ફીટ કરીને ઓઈલ ચોરી કરવાનો વધુ એક પ્રયાસ થવા પામ્યો છે. ગત રાત્રીએ ઓએનજીસીના સિક્યુરીટી ઈન્સ્પેક્ટરને આ સંદર્ભે જાણ થતા પોલીસને જાણ કરી ચોરીના પ્રયાસ અંગે ફરીયાદ નોંધાવતા કલોલ તાલુકા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

જિલ્લાના કલોલ વિસ્તારમાં આવેલી ડાભલા ગામની સીમ સી.ટી.એફ.થી નવા ગામ સી.ટી.એફ. તરફ પસાર થતી ઓ.એન.જી.સી.ની પાઈપલાઈનને પંચર કરીને વાલ્વ લગાડી ઓઈલ ચોરી કરવાના પ્રયત્નનો વધુ એક કિસ્સો પોલીસ ચોપડે નોંધાવા પામ્યો છે. મળતી માહિતી મુજબ ઓ.એન.જી.સી.ના સિક્યુરીટી ઈન્સ્પેક્ટર રાજેશકુમાર શિગારસિંગે ગત રાત્રીએ શંકાને આધારે આ પાઈપલાઈનમાં તપાસ કરતા પાઈપમાં એક વાલ્વ ફીટ કરેલી હાલતમાં હતો. ઉલ્લેખનીય છે કે ઓ.એન.જી.સી.ની પાઈપલાઈનમાં પંચર પાડીને ઓઈલ ચોરી થવાના સંખ્યાબંધ કિસ્સાઓ બનવા પામ્યા છે. ઘણા ઓઈલ ચોરીના ગુનાઓનો ભેદ પોલીસે ઉકલેયો છે તેમાં જાણભેદીઓની સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું.જેથી આ કિસ્સામાં પણ જાણભેદુ શખ્સનો હાથ હોવાની સંભાવના પોલીસે વ્યક્ત કરી છે. પાઈપલાઈનમાં વાલ્વ ફીટ કરીને થયેલા ઓઈલ ચોરીના પ્રયાસ અંગે સિક્યુરીટી ઈન્સ્પેક્ટરની ફરીયાદને આધારે કલોલ તાલુકા પોલીસે ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## સારોલી ગામની ત્રણ યુવતીને ખોરાકી ઝેરની અસર

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના વિજનયગર તાલુકાના સારોલી ગામના પીલ્લર હોસ્ટેલની બે મહિલા અને એક યુવતીને ગુરુવારની રાત્રીના ખોરાકી ઝેરની અસર થતા સારવાર માટે હિંમતનગરની મેડીસ્ટાર હોસ્પિટલમાં દાખલ કરેલ જે અંગે ફરજ પરના ડોકટર મોહિત સકસેનાએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર ટાઉન પોલીસ મથકેથી મળેલ વિગત મુજબ સારોલી પીલ્લર હોસ્ટેલમાં ગુરુવારની સાંજે પારૂલબેન પીટરભાઈ સોલંકી (ઉ.વ. અંદાજે ૨૫), મારથાબેન થાવરાજી સડાત (ઉ.વ. અંદાજે ૪૦) ને નિર્મલાબેન માઈકલ સીસ્ટર (ઉ.વ. અંદાજે ૬૦) ત્રણે જણાને ખોરાકી ઝેરની અસર થતા ચકકર આવ્યા હતા. જેથી તાત્કાલિક વિજયનગર સિવિલમાં લઈ ગયેલ જયાંથી વધુસારવાર માટે ઈડરની ખાનગી સત્યમ હોસ્પિટમલાં લઈ ગયેલ પરંતુ તબિયત વધુ ગંભીર હોવાને કારણે રાત્રિના હિંમતનગરની મેડીસ્ટાર હોસ્પિટલમાં દાખલ કરેલ હતી. જે અંગે ફરજ પરના ડોકટર મોહિત સકસેનાએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે રાત્રીના ૧૨.૨૫ વાગે જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટની સાધારણ બેઠક રવિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટની સામાન્ય સભા આગામી તા. ૨૬મી ઓગષ્ટના રોજ બપોરે ૩.૦૦ કલાકે સેકટર-૧૭ ટાઉનહોલ સામેની લોનમાં ગાંધીનગર ખાતે યોજાશે.

આ સાધારણ સભામાં કારોબારી સભ્યોની રચના કરવા, તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, વાર્ષિક હિસાબો મંજુર કરવા અંગે તેમજ ગૌરાંગભાઈ મકવાણા જે આઈ.એ.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયા તેમનું સન્માન કરવા અંગે મળશે. વીરમાયા ટ્રસ્ટના તમામ સભ્યોએ અચૂક હાજર રહેવા મેનેજીંગ ટ્રસ્ટી વિજય સોલંકીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## શબ્દાવલી - ૪૮૨૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | | |
| | ■ | ■ | ૯ | | | ■ | |
| ■ | ૧૦ | | | | ■ | ૧૧ | ■ |
| ૧૨ | | ■ | ■ | ૧૩ | ૧૪ | | |
| ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | | | ■ |
| | ■ | | ■ | ૧૮ | | ■ | ૧૯ |
| | ■ | ૨૦ | | ■ | ■ | ૨૧ | |

**આડી ચાવી**

૧. લાચારી, મજબુરી (૪)
૪. પરિણામ, ફળ (૩)
૭. જોગી સ્ત્રીને... કહેવાય (૩)
૮. અડધોમણ (૪)
૯. મમતા, મોહ (૩)
૧૦. અંજલિ, પ્રસાદનું પાણી ગ્રહણ કરવું (૪)
૧૨. અન્ન ખાવું તે, ખોરાક (૨)
૧૩. કરામત, ખોરાક (૨)
૧૫. વેતન લીધા વગર કામ કરનારું (૩)
૧૭. કપટી, દગાબાજ (૩)
૧૮. નહીં, ના, નકાર (૨)
૨૦. નાઈન, દસ પહેલા આવે (૨)
૨૧. ... વિવાદ, ચડસાચડસી (૨)

**ઊભી ચાવી**

૧. જુદાઈ, વિયોગ (૩)
૨. લાગવગ, ઓળખાણ (૨)
૩. ભીંડીની જાતનો એક છોડ કે તેના રેસા (૨)
૪. આંધળાપણુ (૩)
૫. દારૂ ભરેલ ગ્લાસ (૨)
૬. મોતી (૩)
૮. મોજમજા (૬)
૯. મારું (૨)
૧૦. બેસવા માટેની ગાદલી (૩)
૧૧. આદર કરીને આવકાર આપવો (૩)
૧૨. ઈમાનદાર (૪)
૧૪. પપકોર્ન જેમાંથી બને તે (૩)
૧૬. નમન, વંદન (૩)
૧૯. પ્રતિષ્ઠા, પદવી (૨)

**શબ્દાવલી ૪૮૨૪ના જવાબ**

**આડી ચાવી :-** (૧) સમાચાર (૪) પ્રચાર (૬) તર્ક (૭) ગડી (૯) અડકોદડકો (૧૧) અડદ (૧૨) તાપ (૧૩) મળદગ (૧૪) ભડ (૧૫) તવી (૧૬) ડગર (૧૯) તલ (૨૧) જમા (૨૨) આરોપ (૨૩) બરકત

**ઊભી ચાવી :-** (૧) સતર્ક (૨) માર્ક (૩) રગડદગડ (૫) ચામડતોડ (૮) ડિકો (૯) અડદ (૧૦) કોપ (૧૧) અળવીતરો (૧૩) મત (૧૪) ભરમાર (૧૭) ગજબ (૧૮) પર્વત (૨૦) લપ

## અધિક માંસમાં ગૌ પૂજનની સંપૂર્ણ વ્યવસ્થા જગન્નાથજીના મંદિરમાં

ગાંધીનગર, તા. ૨૪

મહામંડલેશ્વર મહંતશ્રી દિલીપદાસજી ગુરૂ રામેશ્વરદાસજીશ્રી જગન્નાથ મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવેલ છે અધિક માસમાં ગૌદાન - ગૌપૂજનથી વિશિષ્ટ ફળ મળે છે. તો જગન્નાથજી મંદિર જમાલપુર અમદાવાદ ખાતે પુરૂષોત્તમ માસમાં ગૌદાન વિધિ પૂજાની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. પૂજાની સામગ્રી નહીં લાવનારને મંદિર તરફથી વ્યવસ્થા કરેલ છે. તેમજ તા. ૨૫ મી ઓગસ્ટે બપોરે અન્નકુટ દર્શન રાખેલ છે. તો ધર્મપ્રેમીઓએ લાભ લેવા જણાવેલ છે.

## સાંતેજમાં પ્રેસર મશીનમાં હાથ આવી જતાં કામદાર ઘવાયો

કલોલ, તા.૨૪

કલોલ નજીક આવેલ ખાત્રજનાં રહેવાસી ૨૨ વર્ષીય રૂપસિંહ એસ. ગોન્ડ સાંતેજની એક પ્લાસ્ટીક પાઈપ બનાવતી ફેકટરીમાં કામદાર છે. ગઈકાલે પ્રેસર મશીનની નજીક કામ કરતાં કરતાં પોતાનો જમણો હાથ તેમાં ફસાઈ જતા આંગળીઓને ઈજાઓ થવા પામી હતી. ત્યારબાદ તુરંત તેમને કલોલ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતાં. પરંતુ તેમની હાલત ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. આ બાબતે કલોલ તાલુકા પોલિસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મહુન્દ્રા ગામની પરિણીતા યુવતીને શારીરિક-માનસિક ત્રાસ અને બે લાખની દહેજની રકમની માંગણી

### જાનથી મારી નાંખવાની ધમકી સાસરિયા દ્વારા આપતાં દહેજ અંગેની પોલીસ ફરિયાદ

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના મહુન્દ્રા ગામની યુવતી નામે ઈશાબેન, ઉં.વ. ૨૪ મહાદેવભાઈ રબારી છેલ્લાબે માસથી પિયરમાં રહીને દિવસો પસાર કરે છે. તેણીના લગ્ન ૭-૧૦-૧૧ના રોજ સમાજના રીતરિવાજ તથા હિન્દુ વિધિ મુજબ બદરખા તા. ધોળકા, જી. અમદાવાદના રહેવાસી ભરતભાઈ રાયમલભાઈ રબારી સાથે લગ્ન થયા હતા. પરંતુ ઈશાબેન સંયુક્ત કુટુંબમાં રહીને સાસરીમાં રહેતાં હતા. આ દરમ્યાન સાસરીયા તરફથી ઘરના કામકાજ બાબતે વાંધા-વચકાં કાઢી શારીરિક તથા માનસિક ત્રાસ આપવાનું ચાલુ કર્યું હતું. જેમાં તારા પિયર દ્વારા સોના-ચાંદીના દાગીના આપેલ નથી. તારે ઘર જો બનાવવું હોય તો તારા માતા-પિતા તથા ભાઈઓ પાસેથી રૂ. ૨૦૦૦૦૦ (બે લાખ) લઈને આવ. અમો મકાન બનાવી આપીએ. શાંતિથી રહેવા દઈશુ. આમ આ બાબતે શારીરિક-માનસિક ત્રાસ આપતાં સાસરીયા હેરાન પરેશાન કરતાં. પણ ઈશાબેન ઘરનો સંસાર ન બગડે છતાં ત્રાસ સહન કરતી હતી. આ ઉપરાંત કેમ બે લાખ લેવા જતી નથી ? આમ સાસરીયા દ્વારા જાનથી મારી નાખવાની ધમકીથી પહરેલે કપડે ઘરમાંથી કાઢી મુકેલ હતી. આ બાબતે પતિ ભરતભાઈ રાયમલભાઈ રબારી, રાયમલભાઈ રામાભાઈ રબારી, બબુબેન રાયમલભાઈ રબારી, ગોપાલભાઈ રાયમલભાઈ રબારી, ભાવનાબેન રાયમલભાઈ રબારી તમામ રહેવાસી બદરખા, તા.ધોળકા, જિ. અમદાવાદ આરોપી સામે શારીરિક-માનસિક ત્રાસ, ગડદા-પાટુનો માર - જાનથી મારી નાખવાની ધમકી - દહેજ પેટે બે લાખ માંગણી કરી ગુનો કર્યા બાબતની ફરિયાદ ચિલોડા પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ ૪૯૮(ક) ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ તથા દહેજ પ્રતિબંધ ધારા કલમ-૩-૭ મુજબનો ગુનો દાખલ કરતાં હે.કો. કાન્તીભાઈ રાવળ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ઈડર તાલુકામાં રૂ. ૪૦૦.૯૯ લાખનાં ૧૧૬ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના મોટા કોટડા, હસનપુરા, જાદર, બોલુન્દ્રા અરોડા અને દાવડ ગામે શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે રૂ. ૪૦૦.૯૯ લાખના ખર્ચે ૧૧૬ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે દિર્ઘદષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ગુજરાતમાં સર્વાંગી અને વિક્રમજનક વિકાસ થયો છે. જેનાથી પ્રજાની સુખાકારી અને સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારના દરેક અભિયાનને સારી સફળતા મળી છે. તેમણે ગરીબ કલ્યાણ મેળાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે વચેટીયાનું દૂષણ દૂર કરવા અને એક જ સ્થળે એક સાથે હજારો ગરીબોને સરળતાથી વિવિધ સહાય આપી શકાય તે હેતુથી શરૂ કરેલ ગરીબ કલ્યાણ મેળાઓને લીધે રાજ્યમાં લાખો ગરીબોના ઘરમાં સુખ શાંતિનો માહોલ પથરાયો છે. તેમજ ગરીબો સ્વમાનભેર સારી આવક મેળવી રહ્યા છે.

તાલુકમાં વણથંભી વિકાસયાત્રા દરમ્યાન મોટા કોટડા ગામે રૂ. ૬૯.૦૯ લાખના ૨૭ કામ, હસનપુરમાં રૂ. ૩૧.૦૯ લાખના ૨૯ કામ, જાદરમાં ૨૩૧.૫૩ લાખના ૧૫ કામ, બોલુન્દ્રામાં રૂ. ૧૨.૫૫ લાખના ૧૪ કામ, અરોડામાં રૂ. ૧૨.૦૪ લાખના ૧૪ કામ અને દાવડમાં રૂ. ૧૭.૬૯ લાખના ખર્ચે ૧૭ કામો મળી તાલુકામાં રૂ. ૪૦૦.૯૯ લાખના ખર્ચે ૧૧૬ વિકાસના નવા કામો હાથ ધરવામાં આવશે.

આ કાર્યક્રમમાં મંત્રીશ્રીના હસ્તે પંચાયતી રાજ્ય સંસ્થાઓના ચુંટાયેલા પ્રતિનિધિઓ જેમાં જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ સરપંચશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

વણથંભી વિકાસયાત્રા દરમ્યાન ઈડર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પંકજભાઈ દેસાઈ, પૂર્વ પ્રમુખશ્રી અશ્વિનભાઈ પટેલ, જિલ્લા સામાજીક ન્યાય સમિતિના ચેરમેન શ્રી રામજીભાઈ વણકર, પ્રાંત અધિકારી શ્રી પરમાર, તાલુકા વિકાસ અધિકારી શ્રી દેસાઈ સહિત અધિકારી-પદાધિકારી ગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## નીટની પરીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નીટ-૨૦૧૩ બાબતે વિદ્યાર્થીઓના હિતમાં મહત્વનો નિર્ણય લીધો છે. દિલ્હી ખાતે મળેલી નીટ-૨૦૧૩ની એડવાઈઝરી કમિટીની બેઠકમાં ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે અસરકારક રજુઆત કરી હતી. જેના આધારે એમસીઆઈએ તૈયાર કરેલી નવી ગાઈડલાઈન મુજબ હવે ગુજરાતના વિદ્યાર્થીઓ આગામી ૧૨ મે, ૨૦૧૩માં યોજાનાર નીટની પરીક્ષા પોતાની માતૃભાષા ગુજરાતીમાં પણ આપી શકશે. આ પ્રવેશ પરીક્ષા ગુજરાતમાં ત્રણ કેન્દ્ર ઉપરથી લેવાશે. અને વધુ કેન્દ્રો શરૂ કરવા માટે રાજ્ય સરકાર તરફથી એમસીઆઈ સમક્ષ રજૂઆત પણ કરવામાં આવી છે.

## ભયનું વાતાવરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભયનું વાતાવરણ સર્જાયુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. પતરાના ઓથે રહેતા પરપ્રાંતિઓ દારૂના નશામાં ફરતા હોવાની વ્યાપક ફરિયાદો ઉદ્‌ભવી છે.

જિલ્લામાં ચોરી, લૂંટફાટ સહિતના ગુનાઓને ડામવા પરપ્રાંતિઓની અવરજવર તરફ પોલીસે વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું હોવાનું જણાવાયું છે. જ્યારે પરપ્રાંતિઓને મકાન ભાડે આપવા પ્રત્યે પણ પોલીસતંત્રને જાણ કરવા સૂચના આપવામાં આવી છે. પોલીસ દ્વારા આ મામલે યોગ્ય તપાસ હાથ ધરી જવાબદાર સામે પગલા પણ લેવામાં આવે છે. પરંતુ શહેરમાં અસ્તિત્વમાં આવેલા ઝુંપડાઓમાં વસવાટ કરતા પરપ્રાંતિઓની પણ યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે તેવી લોકલાગણી પ્રબળ બની છે. મહાત્મા મંદિર પાછળ મજુરી કામ અર્થે હાલ સ્થાયી થયેલા ઝુંપડાવાસીઓ પૈકી કેટલાક બિનગુજરાતીઓ દારૂના નશામાં ઘુમતા હોવાથી આમ નાગરિકોમાં ભયની લાગણી વ્યાપી છે. આ મામલે પોલીસ દ્વારા શહેરમાં કામ અર્થે આવેલા પરપ્રાંતિઓનો ક્રિમીનલ હિસ્ટ્રી છે કે કેમ તે બાબતે પણ તપાસ કરવી જોઈએ તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.